Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા** **સમય : ૧૧:૦૦ કલાકે**
**તા.૦૧–૦૨–૨૦૨૨**

## : કાર્યસૂચિ – ૭ :

૫૬. બાયોસાયન્સીસ વિભાગને DST– FIST, Level–1 હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી Bioanalyser GEM ઉપર ઉપલબ્ધ ન હોવાથી નાણાં સમિતિના તા.૦૪/૦૨/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક નં. ૧૮ મુજબ N. Procure થી ખરીદી કરવા માટે પ્રોસેસ કરેલ અને ત્યારબાદતા.૧૨/૦૩/૨૦૨૧ સિન્ડીકેટના ઠરાવ નં. ૯૯મુજબ Bio innovations Company ને Bioanalyserની ખરીદી માટે તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ રૂા.૧૯,૧૨,૦૫૦/– માં ખરીદીનો ઓર્ડર આપેલ પરંન્તું Bio innovations Company દ્વારા આ સાધનની સપ્લાઈ કરવામાં આવેલ નથી આથી આ સાધનના નિર્માતા કંપની Agilent Technologies સાથે આ અંગે તપાસ કરતા તેમનો તા.૧૩/૧૨/૨૦૨૧ના પત્રથી જણાવેલ છે કે કંપનીએ Bio innovations Company ને તેમના Sole Distributer તરીકે રદ્દ કરેલ છે અને તેની જગ્યાએ Medispec (I) LTD ને તેમના Distributer તરીકે નિયુકત કરેલ છે અને તેઓ યુનિવર્સિટી દ્વારા અગાઉ આપેલ ઓર્ડર મુજબ Tapestation 4150 રૂા.૧૯,૧૨,૦૫૦/– માં Medispec (I) LTD મારફતે સપ્લાઈ કરવા માટે તૈયાર છે તો આ સાધનની ખરીદી Bio innovations Company ની જગ્યાએ Medispec (I) LTD પાસેથી ખરીદવા મંજુરી આપવા વિચારણા કરવા બાબત.

વધુમાં સદર ગ્રાન્ટ હાલમાં DST – FIST Level – 1 માં ઉપલબ્ધ છે અને તેમાંથી જ આ ખરીદીનું પેમેન્ટ કરવામાં આવશે પરન્તું જો ખરીદીમાં થયેલ વિલંબના લીધે DST –FIST આ માન્ય ના રાખે તો આ ખર્ચ બાયોસાયન્સ વિભાગના સેલ્ફ ફાઈનાન્સ ફંડ અને બાયોસાયન્સીસ હાયર ફીસ ફંડ માંથી કરવામાં આવશે.

(બિડાણ : ૪૩)
(બાયોસાયન્સ વિભાગ)

૫૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૩ મા વાર્ષિક પદવીદાન સમારંભમાં સિન્ડિકેટ તા.૦૨/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક ૧૧૨ અને તા.૨૩/૧૨/૨૦૨૧ની કાર્યાલય નોંધથી મળેલ મંજૂરી મુજબ ડિગ્રીનો લોગો, ફ્રેમ, ફોલ્ડર ડિઝાઈન/સ્ટાઈલ તૈયાર કરવા અંગે વર્તમાનપત્રો/વેબસાઈટ દ્વારા નોટીસ આપી ડિઝાઈન/સ્ટાઈલ મંગાવેલ જે પૈકી યુનિવર્સિટી કાર્યાલયને નિયત સમય મર્યાદામાં કુલ (૯) પાર્ટીઓની ડિઝાઈન/ સ્ટાઈલ મળેલ જે મા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતિની સભા તા.૨૭/૦૧/૨૦૨૨ની ભલામણ મુજબ ડિઝાઈન/સ્ટાઈલ પસંદગીના ક્રમાનુસાર પસંદગી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને પસંદગી પામેલ ડિગ્રી લોગો, ફ્રેમ, ફોલ્ડર પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર Inpitara (Devarsh P. Shah) નીપસંદગી પામેલ ડિઝાઈન/સ્ટાઈલપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | ડિગ્રીનો લોગો | ડિગ્રી ફ્રેમ | ડિગ્રી ફોલ્ડર |
|---|---|---|---|
| ૧ | Inpitara (Devarsh P. Shah) | Inpitara (Devarsh P. Shah) | Inpitara (Devarsh P. Shah) |
| ૨ | Inpitara (Devarsh P. Shah) | Aayush Enterprise | Inpitara (Devarsh P. Shah) |
| ૩ | Shree KantareshwarPrintary | ---- | Aayush Enterprise |

(પરચેઝ એન્ડ સ્ટોર સેલ)

૫૮. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કાયમી આચાર્યની ખાલી પડેલ જગ્યા પર ઈ.ચા. આચાર્યની નિમણૂંક કરેલ હોય, જેની યાદી આ સાથે બિડાણ તરીકે સામેલ છે. જેથી કાયમી આચાર્યની ખાલી પડેલ જગ્યા અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણઃ ૪૪ )

(જોડાણ વિભાગ)

૫૯. યુનિવર્સિટીના IQAC આઈકયુએસી અંતર્ગત યુનિવર્સિટીના NAAC – Re-accreditation(4th cycle) અંગે SSR તૈયાર કરવામાં આવી રહયો છે જેના સંદર્ભમાં યુનિવર્સિટીનું Academic & Administrative Audit (AAA) કરાવવાનું અનિવાર્ય છે. આ ઓડીટ કરવા માટે યુનિવર્સિટીમાં સાત સભ્યોની ટીમ આવનાર છે જે અંગે અંદાજીત સરેરાશ ખર્ચ રૂા.૧૧,૦૦૦/– ટી. એ., રૂા.૫,૦૦૦/– પ્રતિ એક્ષપર્ટ પ્રતિદિન રેમ્યુનરેશન તથા રૂા.૧,૫૦,૦૦૦/– રહેવાનો ખર્ચ થાય તેમ છે જે ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

( IQAC)

૬૦. અધ્યક્ષશ્રી, ભૌતિકશાસ્ત્ર વિભાગના પીએચ.ડી. ડીગ્રીનું નોટીફિકેશન મેળવનાર વિદ્યાર્થી સાથે ફોટા અંગેના તા.૩૧–૦૧–૨૦૨૨ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૪૫ )

(પરીક્ષા/કોન્વોકેશન)

૬૧. અધ્યક્ષશ્રી, ભૌતિકશાસ્ત્ર વિભાગના યુનિવર્સિટી કોન્વોકેશન બાદ પીએચ.ડી.ની ડીગ્રી મેળવનાર વિદ્યાર્થી અને તેઓના માતા–પિતા સાથે ભોજન સમારંભ યોજવા અંગેના તા.૩૧–૦૧–૨૦૨૨ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૪૬ )

(પરીક્ષા/કોન્વોકેશન)

૬૨. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. Sd/-
ક્રમાંક : એસ/મીટીગ/ ૧૭૧૫ /૨૦૨૨ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૩૧–૦૧–૨૦૨૨
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.........**